192 (330)

સને:૨૦૧૦ ના ચાલુ ઉનાળાની મોસમ દરમ્યાન પીવાના પાણીનો પુરવઠો પર્યાપ્ત અને યોગ્ય માત્રામાં મળી રહે તે માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કરેલ હેન્ડપંપો સિવાયના અન્ય હેન્ડપંપોની મરામત કરવા બાબત

ગુજરાત સરકાર
ક્રમાંક:વીડબલ્યુએસ-૧૦૨૦૧૦-૩૪૬-ખ.૪.
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૯/૪/૧૦

ઠરાવ:-

રાજયના જિલ્લા/તાલુકા પંચાયતો દ્વારા આયોજન મંડળ હેઠળની, માન.સંસદસભ્યશ્રીઓ તેમજ માન.ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી કે અન્ય કોઇ કાર્યક્રમ હેઠળ હેન્ડપંપ બનાવવામાં આવે છે. આવા હેન્ડપંપો ઘણાંખરા આઇ.એસ.આઇ પ્રમાણિત હોતાં નથી. તેમજ.જુદા જુદા માર્કાના તથા સ્થાનિક બનાવટના હોય છે. તેના રીપેરીંગ માટે સુચારુ વ્યવસ્થા હોતી નથી. તેથી તે અલ્પ/બિનઉપયોગી થઇ પડે છે. આવા પ્રકારના હેન્ડપંપોના રીપેરીંગ/નિભાવણી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યક્ષેત્રમાં આવતી નથી.

ચાલુ વર્ષના ઉનાળાની મોસમ દરમ્યાન પીવાના પાણીની તંગી ઉભી ન થાય અને પીવાના પાણીનો પુરવઠો પર્યાપ્ત અને યોગ્ય માત્રામાં સમગ્ર રાજયમાં પુરો પાડી શકાય તે માટે ઉપર જણાવ્યા મુજબના જીલ્લા/તાલુકા પંચાયત હેઠળના હેન્ડપંપોનો લોકાભિયુકત ઉપયોગ થાય તે હેતુસર તેનું રીપેરીંગ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કરી આપવામાં આવશે તેવું માન.મંત્રીશ્રી (પાણી પુરવઠા) એ તા.૧૫-૩-૧૦ ના રોજ વિધાનસભા ગૃહમાં જાહેરાત કરેલ છે.

ચાલુ વર્ષના ઉનાળાની પરિસ્થિતિને લક્ષમાં રાખી તા.૩૧-૮-૧૦ અથવા પુરતો વરસાદ ન થાય ત્યાં સુધી બેમાંથી જે મોડું હોય ત્યાં સુધી રાજયના પંચાયત હસ્તકના આવા હેન્ડપંપોનું રીપેરીંગ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવાનું ઠરાવવામાં આવે છે. ઉપરોકત સમયબાદ આ હેન્ડપંપોના રીપેરીંગ અને નિભાવણીની જવાબદારી જે તે સબંધિત પંચાયતની જ રહેશે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા જે હેન્ડપંપો રીપેર કરવામાં આવે તે અંગેનું ખર્ચ ચાલુ વર્ષની મંજુર થયેલ બજેટ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તા.3-૪-૨૦૧૦ ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ડી. કે. મહેતા )
મુખ્ય ઇજનેર અને અધિક સચિવ
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

પ્રતિ,

(૧) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
(૨) મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
(3) મુખ્ય ઇજનેરશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હેઠળની તમામ ઝોન કચેરી (ઝોન-૧, ૨, 3, ૪)
(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન (WASMO) જલસેવા ભવન, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર
(૫) ચીફ જનરલ મેનેજરશ્રી, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિ.(GWIL) બ્લોક નં.૧, પ્રથમ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૬) નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
(૭) નાણાં સલાહકારશ્રી. નર્મદા. જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, બ્લોક નં.૧/૫, સચિવાલય, ગાંધીનગર
(૯) માન.મંત્રીશ્રી (સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૧૦) માન.રા.ક. મંત્રીશ્રી (સર્વે) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૧૧) મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, બ્લોક નં.૧/૩, સચિવાલય, ગાંધીનગર

(૧૨) અગ્ર સચિવશ્રી/સચિવશ્રી ( સચિવાલયના સર્વે વિભાગો )

(૧૩) સર્વે કલેકટરશ્રીઓ

(૧૪) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

(૧૫) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધિકારીશ્રીઓ

(૧૬) સીલેકટ ફાઇલ

K